# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GMC- ACTION PLAN

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૬૭ પ્રી-સ્કૂલ બંધ કરવામાં આવી છે.. ફાયર અને સેફ્ટીને ધ્યાને રાખીને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલી કામગીરીમાં ટીમ દ્વારા બી.યુ. પરમિશન, ફાયર એ.નો.સી. વગેરેની ચકાસણી કરવામાં આવી હતી અને ૬૭ પ્રી-સ્કૂલ બંધ કરવામાં આવી હતી. આગળની સૂચના ન મળે ત્યાં સુધી આ સ્કૂલો શરૂ ન કરવા માટે નોટિસ પાઠવવામાં આવી છે.

આ સાથે, આગામી ચોમાસુ તથા સુરક્ષાના કારણોને ધ્યાનમાં રાખીને જીલ્લામાં અંદાજીત ૨૦૯ મોબાઇલ ટાવરોના જરૂરી આધાર પુરાવાઓ 15 દિવસમાં રજુ કરવા જણાવાયું છે તેમજ જે મોબાઈલ ટાવરોની મંજુરી મેળવેલ ના હોય તેની મંજુરી તાત્કાલિક મેળવી લેવા સુચના અપાઇ હતી.

ઉપરાંત, 50 વર્ષથી જૂના સરકારી આવાસોનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં 1 હજાર 34 મકાનોને અત્યંત ભયજનક મકાન જ્યારે 6 હજારથી વધારે ભયજનક મકાનો હોવાનું જણાયું હતું. ચોમાસાની ઋતુમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ મકાનો ખાલી કરવાની કામગીરી કરવામાં આવશે.

# BHAVNAGAR- MAHARAJ NIDHAN

ભાવનગર રાજ્યનાં મહારાજ કુંવર શિવભદ્રસિંહ ગોહિલનું આજે નિધન થયું છે, ભારતની એક્તા માટે સરદાર વલ્લભભાઈ પટેલના ચરણોમાં પોતાનું રાજય સૌ પ્રથમ સમર્પિત કરનારા મહારાજા કૃષ્ણકુમારસિંહજીના નાના પુત્ર શિવભદ્રસિંહજીના નિધનથી ભાવેણા રાજ્ય સહિત દેશના તમામ રાજવી પરિવારોમાં શોક વ્યાપ્યો છે.

શિવભદ્રસિંહ ગોહિલ ગુજરાતમાં ભાજપની સ્થાપના થઈ તેના સૌ પ્રથમ ઉપપ્રમુખ હતાં અને સ્વતંત્ર પક્ષના ધારાસભ્ય તરીકે પણ તેમણે વર્ષો સુધી સેવા આપી હતી. સમાજીક અને રાજકીય આગેવાનોએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે... ભાવનગરના ભાવવિલાસ પેલેસ ખાતે તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શનાર્થે રખાયો છે. આજે સાંજે 5 વાગે તેમની અંતિમયાત્રા નીકળશે.

# DIU- FISHING BANNED

કેન્દ્રીય મત્સ્યદ્યોગ વિભાગે દીવના માછીમારોને ચોમાસા દરમિયાન આવતીકાલથી 31મી જુલાઇ સુધી દરિયો નહીં ખેડવા આદેશ આપ્યો છે. દીવના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા અપાયેલી સૂચનાના પગલે, દિવના માછીમારોએ દરિયામાં રહેલી પોતાની બોટ પરત લાવીને કિનારે લાંગરવાની કામગીરી શરૂ કરી છે. તમામ બોટોને જેટી પર ચઢાવી દેવાશે.. આગામી 61 દિવસ સુધી માછીમારો દરિયામાં નહીં જઇ શકે.

# GUJ. KAPAS VAVETAR

રાજ્યમાં ચોમાસા બાદ કપાસનું વાવેતર શરૂ થશે, જે પૂર્વે ખેતી નિયામકની કચેરી દ્વારા કપાસમાં વિવિધ રોગ તેમજ જીવાતના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી પહેલા અને વાવણી સમયે કઈ બાબતોનું ધ્યાન રાખવું, તે અંગે કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે.

જે અંતર્ગત, કપાસ પાકમાં ચૂસીયા પ્રકારની જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે બીટી કપાસના પાન અને ઝીંડવાને નુકસાન કરતી ગુલાબી ઇયળોના સંકલિત વ્યવસ્થાપન માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યા છે. જેમાં ઉનાળામાં ઊંડી ખેડ કરવી, શેઢાંપાળા ઉપર નિંદામણ કરવું, જરૂરી દવાનો છંટકાવ કરવો સહિતના સૂચનો કરાયા છે.

# ACCIDENT

રાજ્યમાં બનેલી જુદી- જુદી ઘટનાઓમાં ત્રણના મોત જ્યારે ત્રણ લોકો ઇજાગ્રસ્ત થયા..

તાપીના ઉચ્છલ- નિઝર હાઈવે પર કાર અને બાઇક વચ્ચે થયેલા અકસ્માતમાં બે યુંવકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેમાંથી એક યુવકનું મોત નિપજ્યું હતું જ્યારે અન્ય સારવાર હેઠળ છે..

દમણમાં બાઇક પર દમણથી વાપી પરત ફરી રહેલા યુવકોને ટ્રકે ટક્કર મારતા એક યુવકનું ઘટનાસ્થળે મોત થયું હતુ જ્યારે અન્ય એક યુવકને સારવાર માટે ખસેડાયો હતો..

જ્યારે ગાંધીનગરમાં કુડાસણ પાસે કંસ્ટ્રક્શન સાઈટ પર ભેખડ ધસી પડતા શ્રમિકનું મોત થયુ હતુ, અને એકને સારવાર માટે ખસેડાયો હતો.

# World No Tobacco Day

આજે વિશ્વ તમાકુ નિષેધ દિવસ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં સર્વે પ્રમાણે દર વર્ષે દેશમાં એક લાખથી વધુ મોઢાના કેન્સરના કેસ નોંધાયા છે. તમામ પ્રકારનાં કેન્સરમાંથી 13થી 16 ટકા મોઢાના કેન્સરનાં કેસો હોય છે.

રાજ્યમાં પણ મોઢાનાં કેન્સરનું ઊંચું પ્રમાણ છે. તમાકુમાં હાજર નિકોટીન નામના પદાર્થથી કેન્સર થાય છે. તમાકુનાં સેવનથી થતા નુકસાન અંગે જાગૃતિ ફેલાવવા આજે રાજ્યભરમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

મહેસાણા જિલ્લા કલેકટરની ઉપસ્થિતમાં વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે શહેરના વિવિધ માર્ગો ઉપર રેલીનું આયોજન કરાયું...

ડાંગ જિલ્લા તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ-સ્કોર્ડ દ્વારા સાપુતારા વિસ્તારમાં તમાકુના ઉત્પાદનો વેચતી જગ્યાઓ પર તપાસ હાથ ધરાઇ હતી, જેમાં કુલ 11 કેસમાં 2200 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ સાથે જ આહવા સિવિલ હોસ્પિટલ, તથા તાલુકાની તમામ પી.એચ.સી.માં મેડીકલ ઓફિસરોને,

તમાકુ નિયંત્રણ અધિનિયમ COTPA-2003 ની વિવિધ કલમોનું અમલીકરણ અને દંડ અને વસુલાતની સુચના આપવામાં આવી છે.

# WEATHER

હવામાન વિભાગ દ્વારા રાજ્યભરમાં આગામી સાત દિવસ સુધી સૂકા હવામાનની આગાહી કરાઇ છે. જો કે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દિવ દમણ અને દાદરા નગર હવેલીમાં આવતીકાલથી ત્રણ દિવસ દરમિયાન યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.. તેમજ ધૂળની ડમરી સાથે 40 કિલોમીટરના પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા વ્યક્ત કરાઇ છે.